સુવિચાર : કોઈની પ્રીતિના પાત્ર થવા કરતાં કોઈને પ્રીતિનું પાત્ર બનાવવું વધારે સારું - વજુ કોટક

તાપમાન
મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૨ | ૩ ફેબ્રુઆરી, ૨૦૧૬, બુધવાર ; પોષ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પાકિસ્તાનમાં ૧૮૨થી વધુ મદરેસા સીલ કરી દેવાયા
- ગર્ભમાં રહેલા બાળકના જાતિ પરિક્ષણ ટુંકમાં ફરજિયાત થશે
- માર્ચ ૨૦૧૭ સુધી ફુગાવો પાંચ ટકા સુધી નીચે પહોંચશે
- આઇટી ક્ષેત્રમાં ૨.૫ લાખ નોકરીની તક હશે
- આરબીઆઈની ફુગાવા પર નજર રહેશે : રઘુરામ રાજન
- અર્ધ લશ્કરીદળથી સ્વૈચ્છિક નીકળનારની ટકાવારી વધી
- ક્રેડિટ કાર્ડ વસ્ત્રોની ખરીદી માટે સૌથી વધુ વપરાય છે
- પોલિસી સમીક્ષા વચ્ચે ૨૮૬ પોઇન્ટનો થયેલ મોટો ઘટાડો

# વ્યાજદર યથાવત - ઈએમઆઈમાં કોઈ રાહત નહિ

**રેપોરેટ ૬.૭૫ અને સીઆરઆર ૪ ટકાના દરે યથાવત : આરબીઆઈની છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા જારી કરવામાં આવી નાણાંકીય વર્ષ ૨૦૧૬માં જીડીપી ગ્રોથ રેટ ૭.૪ ટકા રહેવાની આગાહી થઈ**



નવી દિલ્હી, તા.૨

રીઝર્વ બેકે તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા આજે ધારણા પ્રમાણે જ તમામ ચાવીરૂપ પોલીસી રેટમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. રેપો રેટને યથાવત ૬.૭૫ ટકાના દરે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ કહ્યુ છે કે પોઝિટીવ ડેટા પ્રિન્ટ્સના આધાર પર પોલીસીમાં વધારે ફેરફાર કરવામાં આવનાર છે. આરબીઆઈએ જીડીપી આગાહીના ૭.૪ ટકાના અંદાજમાં પણ કોઈ ફેરફાર કર્યો નથી. પોલીસી સમીક્ષા જારી કરતા આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજને કહ્યુ હતુ કે તે વધુ પોલીસી ફેરફાર અંગે કોઈ દિશામા આગળ વધતા પહેલા સાતમા વેતન પંચની ફુગાવા પર અસર અંગે ધ્યાન આપશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ અગાઉ પહેલી ડિસેમ્બરના દિવસે તેની પાંચમી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. તે પહેલા સપ્ટેમ્બરમાં ચોથી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હહતી. આજે અપેક્ષા વચ્ચે તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. અગાઉ સપ્ટેમ્બરમાં રીઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને અપેક્ષા કરતા પણ વધારે ૫૦ બેઝિક પોઈન્ટનો ચાવીરૂપ રેપો રેટમાં ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા હતા. આની સાથે જ રેપો રેટ ઘટીને ૬.૭૫ ટકા થઈ ગયો હતો. રેપોરેટ સાડા ચાર વર્ષની નીચી સપાટીએ રહ્યો છે. રિવર્સ રેપોરેટ ૫.૭૫ ટકા, એમએસએફ ૭.૭૫ ટકા, બેંકરેટ ૭.૭૫ ટકા થયો હતો. નાણાકીય નીતિ સમીક્ષા નિવેદન જારી કરતાં રાજને કહ્યું હતું કે, અમારી છેલ્લી પોલીસી સમીક્ષા બાદથી સ્થિતિમાં સુધારો થયો છે. વિકાસને પ્રોત્સાહન આપવા માટે પગલા લેવાઈ રહ્યા છે. આજે રાજને કહ્યુ હતુ કે જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં રીટેલ ફુગાવાને ૫.૨ કરી દેવાની યોજના છે. બીજી બાજુ જ્યારે વર્ષ ૨૦૧૬માં વિકાસ દર ૭.૪ ટકા રહેશે. આવી જ રીતે માર્ચમાં પુરા થઈ રહેલા નાણાંકીય

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાં ગંભીર બનતી રાજકીય કટોકટી

**પીડીપી-ભાજપ બંનેએ એકબીજા ઉપર શરત મુકી રાજ્યપાલ વોરા સાથે બંને પાર્ટીઓના નેતાઓની વાતચીત**



શ્રીનગર,તા. ૨

જમ્મુ કાશ્મીરમાં રાજકીય અનિશ્ચિતતાનો દોર હાલ પૂર્ણ થાય તેવા સંકેત દેખાઈ રહ્યા નથી. કારણ કે પીડીપી અને ભાજપ બંનેએ એક બીજા ઉપર નવી સરકારની રચના કરવા શરતો લાગૂ કરી દીધી છે. તેમના નેતાઓએ આજે રાજ્યપાલ એનએન વોરા સાથે વાતચીત કરી હતી. એક મહિનાથી ચાલતી કટોકટીને ઉકેલવા માટે રાજ્યપાલ પણ મેદાનમાં આવી ગયા છે. વોરાએ આજે પીડીપી વડા મહેબુબા મુફ્તી અને અન્યો સાથે વાતચીત કરી હતી. ત્યાર બાદ ભાજપના નેતાઓ સાથે પણ વાત કરી હતી જેમાં નાયબ મુખ્યમંત્રી સામેલ હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્મદ સઈદના અવસાન બાદ જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનાને લઈને ઉભી થયેલી મડાગાંઠનો હાલ ઉકેલ આવે તેવી કોઈ શક્યતા દેખાઈ

● અનુસંધાન પાન-૭ પર

# સજાતિય સંબંધો અંગેની અરજી બંધારણીય બેંચને સોંપી દેવાઈ

નવી દિલ્હી,તા.૦૨

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે ઈન્ડિયન પીનલ કોડની કલમ ૩૭૭ને લઈને મહત્વનો આદેશ કર્યો હતો જેના ભાગરુપે સુપ્રીમે કલમ ૩૭૭ અંગેની અરજીને પાંચ સભ્યોની બંધારણીય બેંચને સોંપી દીધી હતી. સુપ્રીમની પાંચ સભ્યોની બેંચ હવે વિક્ટોરિયા યુગના કાયદાની કાયદેસરતાના સંદર્ભમાં ફેંસલો કરશે જેમાં સજાતિય સંબંધોને અપરાધ તરીકે ગણવાને લઈને સ્પષ્ટ વાત કરવામાં આવી છે. કલમ ૩૭૭ હેઠળ સ્વૈચ્છિકરીતે બે પુખ્તવયના લોકો વચ્ચે સજાતિય સેક્સ સંબંધો સ્થાપિત કરવાને અપરાધની શ્રેણીમાં મુકવા સંબંધિત સુપ્રીમ કોર્ટના આદેશ પર ફરી વિચારણા કરવા પર દાખલ કરવામાં આવેલી સુધારાત્મક અરજીને સુપ્રીમ કોર્ટે પાંચ સભ્યોની બંધારણીય બેંચને સોંપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# ગુજરાતી ચલચિત્રો માટે નવી નીતિ જાહેર

ગાંધીનગર, તા. ૨

ગુજરાતી ચલચિત્રોની ગુણવત્તા સુધારવા અને ગુજરાતીઓને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મો



માણવા મળે તે માટે ગુજરાત સરકારે આજે ગુજરાતી ચલચિત્રો માટે નવી નીતિની જાહેરાત કરી છે. ગુજરાતી ચલચિત્રોને ૫ થી ૫૦ લાખ સુધીની સહાયની જાહેરાત કરવામાં આવતા ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ ક્ષેત્રે જોડાયેલા કલાકાર-કસબીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

ગુજરાતી ફિલ્મ ઉદ્યોગની કથળતી જતી સ્થિતિને બહેતર બનાવવા તથા ગુજરાતી ચલચિત્રોને ગુણવત્તાયુક્ત બનાવવા માટે રાજ્ય સરકારે ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૬ જાહેર કરી છે. આ નવી નીતિ પ્રાદેશિક ભાષાના ગુજરાતી ચલચિત્રોની ગુણવત્તા અને લોકભોગ્યતાને કેન્દ્રસ્થાને રાખીને તૈયાર કરવામાં આવી છે. આ પ્રોત્સાહક નવી નીતિની મુખ્ય આકર્ષક બાબત રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સહાયના ધોરણો છે. ગુજરાતી ફિલ્મને ૫ થી ૫૦ લાખ સુધીની આર્થિક સહાય રાજ્ય સરકાર આપશે. આ જાહેરાતથી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

આ ઉપરાંત ગુજરાતી

**રાજ્ય સરકાર શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મને ૫૦ લાખની આર્થિક સહાય : આંતરરાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કરનાર ચલચિત્રોને બે થી પાંચ કરોડની સહાય**

રાજ્યમાં ૧૯૯૯થી ગુજરાતી ચલચિત્રોને પાંચ લાખની આર્થિક સહાય આપવામાં આવે છે તે વધારીને ૫૦ લાખ સુધી કરવામાં આવી છે. દરેક ચલચિત્રોનું ફિલ્મ સ્ક્રીનીંગ કમિટી દ્વારા પરિક્ષણ થશે. દસ વિશેષજ્ઞોની બનેલી સમિતિ ૧૦૦ ગુણમાંથી પ્રાપ્ત ગુણના આધારે જે તે ચલચિત્રનું ગ્રેડિંગ કરવામાં આવશે. ગ્રેડના આધારે ચલચિત્રોના શ્રેષ્ઠ કલાકાર-કસબીઓને જુદી જુદી ૩૨ કેટેગરીમાં આપવામાં આવતા રોકડ પુરસ્કારની રકમ બમણી કરવા સાથે જ ગુજરાતી ફિલ્મોને ૧૦૦ ટકા કરમુક્તિ આપવાની બાબતોને પણ અધ્યતન કરીને તેનો આ નીતિમાં સમાવેશ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી-૨૦૧૭ની ચૂંટણીમાં કોંગીની સરકાર બનશે : હાર્દિક

અમદાવાદ, તા.૨

પાટીદાર નેતા હાર્દિક પટેલે કઠોર કોર્ટમાંથી નિકળતા અનેક પ્રકારના રાજકીય નિવેદનો આપ્યા છે. હાર્દિકે કોર્ટની બહાર નિકળતા જણાવ્યું છે કે, ૨૦૧૭માં કોંગ્રેસની સરકાર બનશે. આ સાથે જ તેને વધુમાં જણાવ્યું હતું કે, હવે બીજેપી સરકારે નક્કી કરવાનું છે કે, એમને શું કરવું અને શું નહિં આટલું કહેતા શાંત ન થતા હાર્દિકે અનામત આંદોલન વિશે પણ વાત કરી હતી.નોંધનીય છે કે, સુરતમાં હાર્દિક પર કામરેજ ખાતે નેશનલ હાઈવે ચક્કાજામ કરવાનો આરોપ છે. હાઈવે જામ કરવા મામલે કઠોર કોર્ટમાં હાર્દિક પટેલ પર કેસ ચાલી રહ્યો છે. હાર્દિકે જામીન માટે અરજી કરી હતી જેની આજ રોજ સુનાવણી હાથ ધરાઈ હતી. કોર્ટે હાર્દિકને દેશ ન છોડવાની શરતે જામીન આપ્યા છે.



આ ઉપરાંત હાર્દિકે રૂપિયા ૭૫૦૦ના બોન્ડ જમા કરાવવાના રહેશે. જો કે હાર્દિકને ૧૬ ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર રહેવાનો આદેશ પણ કરાયો છે. જો કે હાર્દિકને ભલે હાઈવે જામ કેસમાં શરતી જામીન મળ્યા હોય પરંતુ તે રાજદ્રોહ મામલે તો હજુ લાજપોર જેલમાં જ રહેશે.

**CENTRAL UNIVERSITY OF GUJARAT**
**Sector-29, Gandhinagar.**
**RECRUITMENT AND ADMISSION NOTIFICATION: B.VOC. PROGRAMME**

Central University of Gujarat, Gandhinagar is inducting Bachelor of Vocation programme from the academic year 2016-17.

1. Applications from eligible candidates are invited for admission to 3 years' Bachelor of Vocation (B.Voc) programme. This vocational course aims to provide the graduates with adequate knowledge and skills for employment.
2. Applications for the posts of 2 Assistant Professors and 1 Technical Assistant/Multi Task Staff for B. Voc Programme on purely on contract basis for the period 2016-19 on renewable basis.

The details of advertisement specifying eligibility criteria, terms and conditions etc. for admissions and appointments are available on the University website www.cug.ac.in. Last date for submission of applications is **26/02/2016.**

**For any technical query mail at: prakash.jha@cug.ac.in**

Registrar

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્ક્વેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...



bansari Greens
week-end home
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

સ્વાદની આગવી ઓળખ
॥ आवकार ॥
Restaurant (AC)
Punjabi | South Indian | Chinese | Fast Food
અમારા માનવંતા ગ્રાહકોના નિરંતર સાથ અને સહકાર બદલ આભાર
10 % Discount for one month
26th Jan 2016 to 26th Feb 2016
318, Nr. Dena Bank, GH-4, Sector-16, Gandhinagar
Phone : 079-23244888 (O), 98799 55051 (M)